બાલવિજ્ઞાન પ્રસ્તુત

# ફન ઍન્ડ લર્ન

## ઍક્ટિવિટી બુક








**ત્રિમંત્ર**

**નમો વીતરાગાય**
**નમો અરિહંતાણં**
**નમો સિદ્ધાણં**
**નમો આયરિયાણં**
**નમો ઉવજ્ઝાયાણં**
**નમો લોએ સવ્વસાહૂણં**
**એસો પંચ નમુક્કારો; સવ્વ પાવપ્પણાસણો**
**મંગલાણં ચ સવ્વેસિં; પઢમં હવઈ મંગલં**
**ૐ નમો ભગવતે વાસુદેવાય**
**ૐ નમઃ શિવાય**





**જય સચ્ચિદાનંદ**



આ બધા બુકમાં ક્યાં ક્યાં છે તે શોધવાનું ભૂલશો નહીં.



## નોટ ફૉર પેરેન્ટ્સ

આ ઍક્ટિવિટી બુક પેરેન્ટ્સે સાથે બેસીને બાળક પાસે કરાવવી.




**Publisher:**
Dada Bhagwan Vignan Foundation
1. Varun Apartment, 37, Shrimali Society,
Opp. Navrangpura Police Station, Navrangpura, Ahmedabad,
Gujarat - 380009.
Email: info@dadabhagwan.org



© All Rights Reserved - Dada Bhagwan Vignan Foundation
Address as above



**Printer:**
Amba Multiprint
Opp. H B Kapadiya New High School,
Chhatral-Pratappura Road,
Chhatral, Tal. Kalol,
Dist. Gandhinagar – 382729.
Tel : 9328660055

**Books are available at**
Trimandir, Simandhar City, Ahmedabad Kalol Highway,
Adalaj, Gandhinagar: 382421. Tel : 9328661166/77
Email: balvignan@dadabhagwan.org

Available on online store : https://store.dadabhagwan.org

Website: www.kids.dadabhagwan.org

First Edition: 3000 copies, November 2024
Price: India ₹ 50

નાનકડા ચિન્ટુ અને ચેરી, એ બન્ને ભાઈ-બહેન એમના મમ્મી-પપ્પા અને દાદી સાથે રહેતા હતા. આ છે એમનું ફેમિલી.

**અહીં તમારા મનપસંદ કલર પૂરો.**




ચિન્ટુ અને ચેરી હેપ્પી કિડ્સ સ્કૂલમાં ભણતા હતા. સ્કૂલનો ટાઈમ થતા એમના મમ્મીએ એમને લંચ બોક્સ ભરી આપ્યો.

લંચબોક્સને **કલરફુલ** બનાવો.



પમ પમ... કરતી સ્કૂલ બસ આવી ગઈ. બન્ને સ્કૂલ બસમાં બેસી ગયા.

બસને
## સ્કુલ સુધી પહોંચાડો.









એમની સ્કૂલ બહુ સરસ હતી. તેમાં એક મોટું પ્લેગ્રાઉન્ડ હતું.




કલર પૂરો.




ફ્લાવર્સ કાઉન્ટ કરો.

ટ્રીન... ટ્રીન... બેલ વાગતા બન્ને કલાસમાં ગયા. આજે સ્કૂલમાં ફેન્સી ડ્રેસ કોમ્પિટિશન છે. ચિન્ટુ ડૉક્ટર રેબિટ અને ચેરી લાયનનો ડ્રેસ પહેરીને આવ્યા છે. અને એમના ફ્રેન્ડ્સ જેમી ઊંચા જિરાફનો, સની નાના મદનિયાનો અને રોની ખિસકોલીનો ડ્રેસ પહેરીને આવ્યા છે.

## જોડી બનાવો.




ટીચર બધાને જોઈને ખુશ થઈ ગયા. બધાએ જોરજોરથી તાળીઓ પાડી. બધામાંથી ટીચરને ચિન્ટુનો ડ્રેસ અને એક્શન બેઉ ગમ્યા. ટીચરે બધાને ઈનામમાં એક-એક ચૉકલેટ આપી. અને ચિન્ટુને આખું ચૉકલેટ બૉક્સ આપ્યું.



ઘરે જઈને ચેરીએ ચિન્ટુના હાથમાંથી ચોકલેટ બોક્સ લઈ લીધું.




આમ, ચોકલેટ બોક્સ ફેંકીને ચેરી રડવા લાગી અને મોં ફુલાવીને રૂમમાં જતી રહી.



ચેરી રિસાઈ ગઈ છે, તો તેના એક્સપ્રેશન કેવા હશે એ બાજુમાંથી જોઈને ઉપર **ડ્રો કરો.**



ચિત્ર જોઈને નીચે આપેલા શબ્દોમાંથી **ખાલી જગ્યા** પૂરો.

સાંજ પડી ગઈ, પણ ચેરી  ________ ની બહાર આવી જ નહીં. ન  ________ આવી, ન રમવા આવી. ત્યારે મમ્મી એની પાસે ગયા.  ________ તો હજુ પણ મોં ફુલાવીને બેઠી હતી.

મમ્મી :  ________ ની સ્ટોરી કોને સાંભળવી છે ?

ચેરી બીજી બાજુ મોં ફેરવીને બેસી ગઈ. ચિન્ટુ સ્ટોરી સાંભળવા તરત જ  ________ ની બાજુમાં આવી ગયો.

ચિન્ટુ : મમ્મી, સુપર હીરો કોને કહેવાય ?

મમ્મી : સુપર હીરો એટલે જે બધાને વહાલા હોય. એમનું  ________ બહુ મોટું હોય. તરસાળી  ________ માં એવા જ એક સુપર હીરો રહેતા હતા. ખૂબ સ્ટ્રોંગ અને હોશિયાર અને તમારી જેમ તોફાન પણ કરતા.

રૂમ, જમવા, ચેરી, સુપર હીરો, મમ્મી, દિલ, ગામ

મમ્મી : એ નાના હતા ત્યારે ભેંસ પર બેસીને નદી પાર કરતા.
પણ જાણે હાથી પર બેઠા હોય એવી મજાથી બેસતા.






એક દિવસ એમના મમ્મીએ એમને અને એમના ભાભીને દૂધ આપ્યું.

સુપર હીરોએ ભાભીનો ગ્લાસ જોયો અને એમના મમ્મીને કહ્યું, બા, મને ભાભી કરતાં વધારે દૂધ આપો. બાએ ના પાડી કે બન્નેને સરખું જ દૂધ મળશે. આ સાંભળીને સુપર હીરો તારી જેમ જ મોં ફુલાવીને બીજા રૂમમાં ચાલ્યા ગયા.

આ સાંભળીને ચેરીએ મમ્મીની સામે જોયું.

સરખા દૂધ ભરેલા ગ્લાસની

**જોડી બનાવો.**



મમ્મી : રાત પડી ગઈ પણ કોઈ એમને મનાવવા ગયું નહીં. સુપર હીરોએ વિચાર્યું કે રિસાવામાં તો મને જ નુકસાન થયું. દૂધ પણ ના પીધું, જમવાનું પણ ગયું. અત્યારે બધા સૂઈ ગયા અને મને ભૂખ્યા પેટે ઊંઘ પણ નથી આવતી. માટે રિસાવામાં જરા પણ મજા નથી. આજથી હું ક્યારેય પણ નહીં રિસાઉં.

ચેરી : ઓહ ! મમ્મી, મને પણ નુકસાન જ થયું. ચોકલેટ તો ગઈ, ઉપરથી ચિન્ટુ મારાથી ગુસ્સે થઈ ગયો એ જુદું. હવેથી હું પણ ક્યારેય મોં નહીં ફુલાવું. પ્રોમિસ, કહીને એ મમ્મીને ભેટી પડી.



આપેલા એક્સપ્રેશન જોઈને **કલર** કરો.



બે દિવસમાં સન્ડે આવી ગયો. પપ્પાએ આખા ફેમિલીને પિકનિકમાં લઈ જવાનું નક્કી કર્યું. ચિન્ટુ અને ચેરી ખુશ થઈ ગયા.



ચાલો, એમની કારને
**ટ્રેસિંગ** કરીએ.

પપ્પા બધાને એક સરસ ગાર્ડનમાં લઈ ગયા. ત્યાં રંગબેરંગી ફ્લાવર્સ હતા, નાનો લેક હતો અને હીંચકા પણ હતા.





મારા ફ્રેન્ડને શોધી સ્ટાર કરો.
મને મારા ફ્રેન્ડ સુધી પહોંચાડો.

રમ્યા પછી બન્ને જણ થાક્યા એટલે મમ્મી પાસે આવીને બેસી ગયા.

ચિન્ટુ : મમ્મી, એ સુપર હીરો કેવી રીતે બન્યા ?

મમ્મીએ સ્ટોરી આગળ ચલાવી. સુપર હીરો બધાને ખૂબ મદદ કરતા. પોતાનું કામ કરવા બહાર જાય તો આજુબાજુવાળાને પૂછતા જાય કે, તમારે બજારમાંથી કંઈ લાવવાનું છે ? કોઈ શાકભાજી લાવવાનું કહે, કોઈ લેટર બૉક્સમાં લેટર નાખવાનું કહે. એ બધાનું કામ કરતા. કોઈને 'ના' ન પાડતા. એટલે જ તો એ સ્પેશિઅલ

**દરેક બૉક્સમાં આપેલા ચિત્રને કાઉન્ટ કરી બૉક્સમાં જવાબ લખો.**



હતા.

ચેરી અને ચિન્ટુને આ બહુ ગમ્યું. બન્ને થોડી વાર પછી હીંચકા ખાવા ગયા. પણ આ શું ! ચેરી હીંચકા પરથી પડી ગઈ. ચિન્ટુ તરત જ હીંચકા પરથી ઊતરી એને મદદ કરવા દોડ્યો.

થોડી વારમાં જમવાનો ટાઈમ થઈ ગયો. મમ્મી બધા માટે સેન્ડવિચ બનાવવા લાગી. ચેરીને સુપર હીરો યાદ આવ્યા. એ તરત બ્રેડ પર બટર ચોપડવા બેસી ગઈ. જ્યારે બધાએ એની સેન્ડવિચ ખાધી ત્યારે એને બહુ આનંદ થયો.




સાંજ પડી. ઘરે જવાનો ટાઈમ થયો. મમ્મી-પપ્પાએ મળીને બધું પેક કર્યું. ચિન્ટુએ દાદીનો હાથ પકડીને એમને કારમાં બેસવામાં મદદ કરી.

ચેરી ગાડીમાં નાનો નાનો સામાન મૂકવા લાગી. મમ્મી-પપ્પા બન્નેને મદદ કરતા જોઈને રાજી થયા. બધા ગાડીમાં બેસી ગયા.

થોડી વારમાં ઘર આવી ગયું. પણ લૉક ખોલવા માટે ચાવી મળે જ નહીં. ન પપ્પાના પૉકેટમાં હતી, ન મમ્મીના પર્સમાં. બધા ચાવી શોધવા લાગ્યા. ચિન્ટુ અને ચેરી પણ ચાવી શોધવામાં હેલ્પ કરવા લાગ્યા.

**લૉકની ચાવી મેચ કરો.**





ચિન્ટુ અને ચેરી બહુ થાકી ગયા હતા. પણ એમને ઊંઘ ના આવી કારણ કે ગાદલામાં માંકણ થઈ ગયા હતા. એ એમને કરડવા લાગ્યા. બન્ને માંકણને મારવા લાગ્યા. ત્યાં તો મમ્મી રૂમમાં આવ્યા.

મમ્મી : અરે, માંકણને મરાતા હશે ?

ચિન્ટુ : તો શું કરીએ ? સૂવા નથી દેતા.

મમ્મી : ખબર છે ? સુપર હીરોને પણ માંકણ કરડતા હતા.


ચેરી : પછી તેઓ શું કરતા ?

મમ્મી : પહેલા કહો, તમને કોઈ મારે તો તમને વાગે કે નહીં ? દુઃખ થાય ને ?

બન્ને : હા.

મમ્મી : માટે કોઈને મરાય નહીં. માંકણને પણ દુઃખ થાય. એ મરી જાય. એવું એમના મમ્મીએ એમને શિખવાડેલું. એટલે તેઓ માંકણને પકડીને બહાર નાખી આવતા પણ મારતા નહીં.

## નંબર પ્રમાણે કલર કરો.




ચિન્ટુ : હવે મને સમજાયું કે બધા એમને સુપર હીરો કેમ કહેતા હતા.

ચેરી : મમ્મી, હવેથી અમે પણ કોઈને નહીં મારીએ. કોઈને દુઃખ થાય એવું નહીં કરીએ.

ચિન્ટુ : યસ મમ્મી, પ્રોમિસ.

મમ્મી : ગ્રેટ. તમે પણ સુપર હીરોની જેમ બધાને મદદ કરશો, કોઈને દુઃખ નહીં આપો તો તમે પણ સુપર હીરો બની શકશો.

તમારા ફેસનો **ફોટો અહીં લગાવો** અને તમારા ડ્રેસમાં મનપસંદ **કલર** કરો.



**મારું નામ ____________________ છે.**

**મારે સુપર હીરો બનવું છે.**

ચિન્ટુ અને ચેરી : મમ્મી, એ સુપર હીરો કોણ હતા ? એમનું નામ શું હતું ?

મમ્મીઃ એ સુપર હીરોનું નામ હતું **અંબાલાલભાઈ પટેલ.**



## ટ્રેસિંગ કરી કલરિંગ કરો.




## જવાબો

Page 8



Page 20



Page 13





આ બુકમાં કલરફૂલ એક્ટિવિટીઝ,
લૉજિક અને આર્ટના માધ્યમથી
રમત-ગમત સાથે ક્રિએટિવ લર્નિંગનો
અનુભવ કરવા મળશે. તમારા બાળકને
સુપર હીરોની વાર્તા અને દાદાશ્રીના જીવન
પ્રસંગો વાંચીને સંભળાવો અને એક્ટિવિટીઝ
કરવા માટે માર્ગદર્શન આપો.



9 789391 375607
Printed in India
₹ 50